# 2022

# નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર અને પ્રિન્સીપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી - રાજકોટના સંયુક્ત ઉપક્રમે સ્થાનિક ભંડોળ હિસાબના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓની તાલીમ




નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ

ગાંધીનગર

## નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર અને પ્રિન્સીપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી-રાજકોટ ના સંયુક્ત ઉપક્રમે સ્થાનિક ભંડોળ હિસાબના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓનો તાલીમ વર્ગ-૨૦૨૨

**તા. ૨૯/૦૮/૨૦૨૨**

**સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી જૂનાગઢ.**

નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર અને પ્રિન્સીપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી-રાજકોટ ના સંયુક્ત ઉપક્રમે સ્થાનિક ભંડોળ હિસાબના વર્ગ-૧ અને ૨ ના તમામ અધિકારીઓ માટે જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી – જૂનાગઢ ખાતે તા. ૨૯-૩૦ ઓગષ્ટ ૨૦૨૨ (બે દિવસ) સ્થાનિક ભંડોળ હિસાબના અધિકારીઓનો તાલીમ વર્ગ-૨૦૨૨ નું આયોજન કરવામાં આવેલ હતું.

<u>દિપ પ્રાગટ્ય અને મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત</u>







નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર અને પ્રિન્સીપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી-રાજકોટ ના સંયુક્ત ઉપક્રમે સ્થાનિક ભંડોળ હિસાબના વર્ગ-૧ અને ૨ ના તમામ અધિકારીઓ માટે “ટેકનીક્લ ગાઇડન્સ એન્ડ સપોર્ટ” વિષય અંતર્ગત તા. ૨૯/૦૮/૨૦૨૨ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે તાલીમની શરૂઆત કરવામાં આવેલ, જેમા નિરીક્ષકશ્રી ચારૂબેન ભટ્ટ મેડમ, એ.જી. કચેરીના ડી.એ.જી. શ્રી ડેનીશ ડેનીયલ સાહેબ, કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી વી. પી. ચોવટીયા સાહેબ ઉપસ્થીત રહ્યા હતા, તાલીમ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય કરી હાજર રહેલ તમામ મહેમાનો અને તાલીમાર્થી અધિકારીગણ દ્વારા પ્રાર્થના કરવામાં આવેલ.

ત્યારબાદ વિભાગીય નાયબ નિરીક્ષક, રાજકોટ શ્રી આર.જે. માંડલીયા દ્વારા તમામ પધારેલ મહેમાનો અને અધિકારીશ્રીઓનું શાબ્દીક સ્વાગત કરી ઉક્ત પધારેલ મહાનુભાવોને પ્રસંગોચિત ઉદબોધન કરવા વિનંતી કરી. જેમા સૌ પ્રથમ  ડી.એ.જી. શ્રી ડેનીશ ડેનીયલ સાહેબ દ્વારા તાલીમનું મહત્વ અને તાલીમમાં પધારેલા એ.જી. ના તાલીમ અધિકારીઓનો પરિચય આપવામા આવેલો તથા માન. કુલપતીશ્રી વી. પી. ચોવટીયા સાહેબ દ્વારા તમામ તાલીમાર્થીઓને તાલીમમાં સંસ્થાના દૃષ્ટીકોણથી તાલીમની ઉપયોગીતા વિશે તાલીમાર્થીઓને જણાવેલ તેમજ સંસ્થા દ્વારા પુરૂ પાડવામા આવેલ માળખાકિય સુવિધાઓ વિશે માહિતગાર કરવામા આવ્યા.



માન. નિરીક્ષકશ્રી ચારૂબેન ભટ્ટ મેડમ દ્વારા ટેકનીક્લ ગાઇડન્સ એન્ડ સપોર્ટ અન્વયે તાલીમના તમામ વિષયો અને તેની વાસ્તવિક કામગીરીમા ઉપયોગિતા વિશે વિસ્તૃત સમજ તાલીમાર્થીઓને આપી.




ડી.એ.જી. શ્રી ડેનીશ ડેનીયલ સાહેબ દ્વારા તાલીમનું મુખ્ય હાર્દ એવુ સેશન-૧ શરૂ કરવામાં આવેલ, જેમા પરફોમન્શ ઓડિટ, કોમ્પ્લાયન્સ ઓડિટ, થીમેટીક ઓડિટ, ટ્રાંઝેક્શન ઓડિટ, વગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા હતા અને આ વિવિધ પ્રકારના ઓડિટ એ.જી. કચેરી દ્વારા કઇ રીતે કરવામા આવે છે તથા તેની શું ઉપયોગિતા છે તે બાબતે વિસ્તૃત અને તલસ્પર્શી ચર્ચા કરવામા આવી હતી. ત્યારબાદ ૧૨.૪૫ કલાકે તમામ મહાનુભાવો તથા અધિકારીશ્રીઓએ વી.આઈ.પી. ગેસ્ટ હાઉસ કૃષિ યુનીવર્સીટી ખાતે એક સાથે બપોરનું ભોજન લીધેલ હતુ.

બપોરબાદ એ.જી. કચેરીના સીનીયર એકાઉન્ટન્ટ ઓફીસર શ્રી એસ. કે. દાસ સાહેબ દ્વારા ઓડિટ ઓફ વર્કસ કોન્ટ્રાક્ટ, ડી.પી.આર., ડી.ટી.પી., બી-૧ અને બી-૨ ટેન્ડર વગેરે વિષયો તેમજ એ.જી. કચેરી દ્વારા વિવિધ સંસ્થાઓમા કરેલ ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ ગેરરીતી,

છેતરપિંડી અને અનિયમિતતા અંગેના વિવિધ મુદ્દાઓનુ વિગતવાર પ્રેઝેન્ટેશન કરી તાલીમાર્થીઓને ખુબ જ સહજ રીતે બિન ઉપયોગી જણાતા ડોક્યુમેન્ટમાથી પણ કઇ રીતે ઓડિટને લગત માહિતી મેળવી શકાય તેની વિસ્તૃત સમજ આપી તથા તાલીમાર્થીઓ સાથે આ બાબતે ચર્ચાઓ કરી. આ સેશન તાલીમાર્થીઓને ખુબ જ રસપ્રદ લાગ્યુ.



બપોરબાદ ૪:૩૦ કલાકે તમામ પધારેલ મહાનુભવો દ્વારા ટી-બ્રેક લઈ તાલીમના પ્રથમ દિવસના અંતે એક કલાક એ.જી. કચેરીએથી પધારેલ તમામ અધિકારીશ્રીઓ તેમજ સ્થાનિક ભંડોળના તમામ અધિકારીશ્રીઓ વચ્ચે મુક્ત/ઔપચારીક ચર્ચાનું આયોજન કરવામાં આવેલ હતુ. જે રસપ્રદ રહ્યુ જેમા એ.જી. ના અધિકારીઓનું ઓડિટ દરમ્યાન થયેલા અનુભવોની ચર્ચા કરી.

તાલીમના પ્રથમ દિવસના અંતે તમામ અધિકારીઓ દ્વારા સાંજે ૮:૦૦ કલાકે રાત્રી ભોજન લઈ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરીયમ ખાતે રાત્રે ૯:૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયેલ હોય,જેમા અંતાક્ષરી, ગુજરાતી અને હિંદી ફિલ્મોના ગીતોનુ ગાયન, છંદ-દુહા તથા કાર્યક્રમના અંતે ગુજરાતની ઓળખ સમાન ગરબા રાસ કરી તમામ અધિકારીઓ સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણી છુટા પડયા હતા.




તાલીમના બીજા દિવસની શરૂઆત સવારે ૭:૦૦ કલાકે વિપશ્યાના વિશે પ્રાથમિક પરિચય અને આનાપાન ધ્યાનથી કરી હતી, તે માટે વિપશ્યના ધ્યાનના આચાર્ય ડો.ધીરૂભાઇ શાહ દ્વારા પરિ તળાવ, કૃષિ યુનિવર્સિટી ખાતે ઉપયોગી માહિતી આપવામા આવેલી હતી જેમા ઘણા ખરા તાલીમાર્થીઓ હાજર રહી વિપશ્યાના ધ્યાન કરી દિવસની શુભ શરુઆત કરેલી હતી.

તાલીમના બીજા દિવસે એટલે કે તા.૩૦/૦૮/૨૦૨૨ના રોજ રાબેતા મુજબ સવારની પ્રાર્થના કરી એ.જી.કચેરીના સીનીયર એકાઉન્ટ ઓફીસરશ્રી આકાશ અવસ્થી સાહેબ દ્વારા પંચાયતીરાજ સંસ્થાઓના ઓડિટની નાંણાકીય પત્રકોની માહિતી, ફાયનાન્શીયલ ઓડિટની પ્રોસેસ, બેંક રીકન્સીલેશન, ઓડિટ રીપોર્ટમાં ઓડિટરનો ઓપીનીયનનુ મહત્વ, ઇન્ટર્નલ ઓડિટનું મહત્વ, અગાઉના વર્ષના ઓડિટ રીપોર્ટનો ઉપયોગ, ઓડિટ આયોજન, મોડેલ અકાઉન્ટીંગ સિસ્ટમ (MAS) તેમજ રાજય સરકાર અને પંચાયતીરાજ સંસ્થાઓના હિસાબો વગેરે જેવા વિષયો પર વિસ્તૃત તાલીમ આપેલ હતી.



તેમજ બીજા સેશન બાદ તમામ અધિકારીશ્રી દ્વારા બપોરનું ભોજન લીધેલ હતું તથા ભોજન બાદ તાલીમની લાંબી યાદગીરી માટે તાલીમાર્થી અધિકારીઓનો ગૃપ ફોટો લીધેલ હતો, અને દરેક તાલીમાર્થીને આપેલો હતો.





બપોરબાદ એ.જી.કચેરીના સીનિયર એકાઉન્ટસ ઓફીસર શ્રી એસ.કે.શાહુ સાહેબ દ્વારા કેસ સ્ટડી ઓફ સ્માર્ટ સીટી મીશન પર સ્માર્ટ સીટી પર સરકારશ્રીએ જાહેર કરેલ ગાઈડલાઈનની વિગતો, સ્માર્ટની સિલેક્શન પ્રોસેસ, સ્માર્ટ સીટી યોજના અંતર્ગત યોજનાઓ તથા તેમા કવર થતા એરીયા, પ્રોજેકટ, જે તે શહેરની ભવિષ્યની યોજનાઓ અને રોડ મેપ, સીટીનુ વિઝન અને સ્ટ્રેટેજી તથા પ્રોજેક્ટ આવવાથી શહેરને થનારી અસર વગેરે પર મુક્ત ચર્ચા કરી તાલીમ આપેલ હતી.

**<u>સમાપનઃ-</u>**

તાલીમના બીજા દિવસેના અંતે ૪.૩૦ કલાકે વિભાગીય નાયબ નિરીક્ષક રાજકોટના શ્રી આર.જે.માંડલીયા તેમજ સહાયક નિરીક્ષક જૂનાગઢના શ્રી આર.વી.સુવા દ્વારા પધારેલા તમામ મહાનુભાવોની આભાર વિધિ કરવામાં આવી. નિરીક્ષકશ્રી, ચારૂબેન ભટ્ટ મેડમ દ્વારા કાર્યક્રમના

સમાપનમા તમામ તાલિમાર્થીઓએ ખુબ જ સારી રીતે તાલિમ લીધી તેમજ લિધેલ તાલીમનો વાસ્તાવિક ઓડિટ કાર્ય વખતે મહતમ ઉપયોગ થાય તેના પર ભાર મુકવામા આવ્યો તેમજ આ તાલિમ કાર્યક્રમોનો લાભ સ્થાનિક ભંડોળ હિસાબની તમામ કચેરીઓના ઓડિટ સાથે સંકળાયેલા અન્ય કર્મચારીઓને પણ મળે તે બાબતે આયોજન કરવાનુ વિચારણામા છે તેવુ તેઓ એ જણાવેલ ઉપરાંત સ્થાનિક ભંડોળ હિસાબ, જૂનાગઢ ના અધિકારીઓ અને કર્મચારીઓની તાલીમ અને તેને આનુસંગીક વ્યવસ્થા બાબતે નિરીક્ષકશ્રી, ચારૂબેન ભટ્ટ મેડમ દ્વારા પ્રશંસા કરવામાં આવી તથા છેલ્લે તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર, ગૃપ ફોટો, એનાયત કરી તાલીમ પૂર્ણ કરવામાં આવી.







## આભાર